# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 10-10-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

***************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતની પૂર્વની દેશો તરફી નીતીએ આસિયાન દેશો સાથેના સંબંધોને નવી ઉર્જા, ગતિ અને દિશા પ્રદાન કરી છે.
- કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે આજે વિશ્વ માનસિક આરોગ્ય દિવસે ટેલી માનસ એપ અને વિડિયો કોલ સુવિધાનો આરંભ કર્યો છે.
- પ્રખ્યાત ઉદ્યોગપતિ સ્વર્ગસ્થ રતન ટાટાના અંતિમ સંસ્કાર મુંબઈના વરળી સ્મશાનગૃહમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા છે.
- ભારતનું કાપડ ક્ષેત્ર વર્ષ 2030 સુધીમાં અંદાજે 350 અબજ ડોલર સુધી પહોંચે તેવી સંભાવના છે.
- નાબાર્ડના સર્વેક્ષણમાં જણાવ્યું છે કે, વર્ષ 2016 થી 2022ના સમયગાળામાં ગ્રામીણ ક્ષેત્રના પરિવારોની સરેરાશ આવક 57 ટકાથી વધી છે.
- ટેનિસના ગ્રાન્ડ્ સ્લેમના 22 સિંગ્લસના ખિતાબો જીતનાર સ્પેનના દિગ્ગજ ખેલાડી રફેલ નડાલે વ્યવસાયિક ટેનિસ રમતોમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**EVE-PM LAOS**

ભારતની પૂર્વની દેશો તરફી નીતીએ આસિયાન દેશો સાથેના સંબંધોને નવી ઉર્જા, ગતિ અને દિશા પ્રદાન કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિયંનચન ખાતે ચાલી રહેલી ભારત આસિયાન શિખર પરિષદમાં સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણ કહ્યું કે, આસિયાન દેશો શાંતિપ્રિય છે. અને એકબીજાની રાષ્ટ્રીય એકતા અને સાર્વભૌમત્વનો આદર કરે છે. વિશ્વના ઘણા ક્ષેત્રોમાં સંઘર્ષ અને તનાવ જોવા મળી રહ્યો છે ત્યારે આસિયાન દેશોમાં મૈત્રીપૂર્ણ સહકાર અને સંવાદ આગવું મહત્વ ધારણ કરે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા 10 વર્ષમાં ભારતનો આસિયાન દેશો સાથેનો વેપાર વધીને 130 અબજ ડોલરને આંબી ગયો છે. શ્રી મોદીએ કહ્યું કે, ભારત સાત આસિયાન રાષ્ટ્રો સાથે સીધી વિમાન સેવાની સુવિધા ધરાવે છે. અને ટૂંક સમયમાં બ્રુનેઇ માટેની વિમાન સેવા શરૂ કરાશે.

અગાઉ, વિયંનચન પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું લાઓ પીડીઆરના ગૃહ મંત્રીએ સ્વાગત કર્યું હતું. ત્યારબાદ હોટેલ ખાતે ત્યાં રહેતા ભારતીયોએ પણ પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યુ હતું.

શ્રી મોદીએ રોયલ થિયેટર ખાતે લાઓ રામાયણની પ્રસ્તુતિ નિહાળી હતી. લાઓસની મુલાકાતના પહેલા દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસિયાન પરિષદ માટે આવેલા વિવિધ દેશોના વડાઓ પૈકી કેટલાક વડાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજી હતી. શ્રી મોદી 19મી પૂર્વ એશિયાઇ શિખર બેઠકમાં ભાગ લેવાના છે.

## TELE MANAS

કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે વિશ્વ માનસિક આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે ટેલી માનસ એપ અને વિડિયો કોલ સુવિધાનો આજે દિલ્હીમાં આરંભ કર્યો છે. દિલ્હીમાં યોજાયેલા ખાસ સમારંભમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના ટેલી માનસ

ચકાસણી અહેવાલ અને કર્મચારીઓના આરોગ્ય માટે સ્વસંભાળ મોડ્યુલનો પણ આરંભ કરાયો હતો.

આ વર્ષની વિષય વસ્તુ છે. કાર્યના સ્થળે માનસિક આરોગ્ય. આ પ્રસંગે ટેલી માનસ હેલ્પલાઇનને બે વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણી કરાઇ હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રાલયના અધિક સચિવ આરાધના પટનાયકે કાર્યસ્થળે માનસિક તાણની સમસ્યા ઉકેલવાની જરૂરિયાત સમજાવી હતી. તેમણે ટેલી માનસ પહેલને સરકારની ક્રાંતિકારી પહેલ ગણાવીને તેના ઝડપી વિકાસની વિગતો આપી હતી.

આ પ્રસંગે વિશ્વ આરોગ્ય સંસ્થાના ભારત ખાતેના પ્રતિનિધિ ડોકટર રોડરીકો ઓફ્રીને જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં આશરે 60 ટકા જેટલા લોકો માનસિક તાણ અનુભવે છે. તે ચિંતાજનક બાબત છે.

## TATA FUNERAL

પ્રખ્યાત ઉદ્યોગપતિ સ્વર્ગસ્થ રતન ટાટાના અંતિમ સંસ્કાર મુંબઈના વરલી સ્મશાનગૃહમાં સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા છે. ગઈકાલે રાત્રે મુંબઈની એક હોસ્પિટલમાં 86 વર્ષની વયે અંતિમ શ્વાસ લેનારા રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવા માટે કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ અને પીયૂષ ગોયલ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત અનેક ટોચના રાજકીય નેતાઓ અને ઉદ્યોગજગત સાથે સંકળાયેલા લોકો મોટી સંખ્યામાં  સ્મશાનગૃહમાં પહોંચ્યા હતા..

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત અનેક મંત્રીઓ અને નેતાઓએ રતન ટાટાના નિધન પર શોક વ્યક્ત કરીને ભાવભીની અંજલિ આપી છે.

## TEXTILE-SECTOR-GROWTH

ભારતનું કાપડ ક્ષેત્ર વર્ષ 2030 સુધીમાં અંદાજે 350 અબજ ડોલર સુધી પહોંચે તેવી સંભાવના છે. કાપડ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઓગસ્ટ

2024 માટેના દેશના વ્યાપાર ડેટા અનુસાર, આ ક્ષેત્રે તૈયાર વસ્ત્રોમાં વાર્ષિક ધોરણે 11 ટકા વૃદ્ધિ જોવા મળી છે. ભારત સરકાર ઘણી યોજનાઓ અને નીતિગત પહેલનો લાભ લઈને આ લક્ષ્ય હાંસલ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આગામી ત્રણથી પાંચ વર્ષમાં પ્રધાનમંત્રી મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ એન્ડ એપેરલ (PM MITRA) અને પાર્ક્સ એન્ડ પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાઓ દ્વારા રૂ. 90 હજાર કરોડથી વધુનું રોકાણ આવવાની અપેક્ષા છે. મંત્રાલયે એ પણ ઉલ્લેખ કર્યો છે કે રાષ્ટ્રીય ટેકનિકલ કાપડ મિશન જેવી યોજનાઓ ભારતને ટોચના નેતૃત્વની સ્થિતિ પ્રાપ્ત કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

## NABARD-SURVEY

નાબાર્ડે હાથ ધરેલા બીજા અખિલ ભારત ગ્રામીણ આર્થિક સર્વેક્ષણમાં જણાવ્યું છે કે, વર્ષ 2016 થી 2022ના સમયગાળામાં ગ્રામીણ ક્ષેત્રના પરિવારોની સરેરાશ આવક 57 ટકાથી વધી છે. સર્વેક્ષણમાં જણાવ્યું છે કે, વર્ષ 2016-17માં ગ્રામીણ ક્ષેત્રમાં પરિવારોની સરેરાશ માસિક આવક 8 હજાર 59 રૂપિયા હતી. જે વધીને 2021-22માં 12 હજાર 698 રૂપિયા થઇ છે. એવી જ રીતે પરિવારનો સરેરાશ માસિક ખર્ચ 6 હજાર 600 રૂપિયા હતો તે વધીને 11 હજાર 200 થયો હતો.

ગ્રામીણ વિસ્તારોના પરિવારની સરેરાશ બચત 9 હજાર 100 રૂપિયા હતી જે વર્ષ 2021-22માં વધીને 13 હજાર 200 રૂપિયા થઇ હતી. આ સમયગાળામાં ગ્રામીણ ક્ષેત્રના પરિવારોના વિમા કવચમાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. નાબાર્ડના સર્વેમાં જણાવ્યું છે કે, ગ્રામીણ ક્ષેત્રમાં ખેડૂતો માટે કિસાન ક્રેડિટ કાર્ડ ઉપયોગી પુરવાર થઇ રહ્યું છે.

# MID BREAK- NEWS

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## ED - COOPERATIVE SOCIETY

એન્ફોર્સમેન્ટ વિભાગ - ઇડીએ કથિત કૌભાંડના કેસમાં જ્ઞાનરાધા બહુરાજય સહકારી ધિરાણ મંડળી – DMCSLની એક હજાર કરોડ રૂપિયાથી વધુની સ્થાવર મિલકત હંગામી ધોરણે ટાંચમાં લીધી છે. ઇડીએ મહારાષ્ટ્રના મુંબઇ, ઔરંગાબાદ, બીડ અને જાલના જીલ્લામાં આવેલી જમીનો અને ઇમારતોના સ્વરૂપની સ્થાવર મિલકતો ટાંચમાં લીધી છે. મહારાષ્ટ્રના વિવિધ પોલીસમથકે નોંધાયેલી ફરિયાદોના આધારે ઇડીએ આ કેસની તપાસ શરૂ કરી છે. DMCSLની સામે ઉંચા વ્યાજદરોની લાલચે રોકાણકારો પાસેથી થાપણ મેળવી હોવાનો આરોપ છે.

## GOVERNMENT-TAX DEVOLUTION

કેન્દ્ર સરકારે કરવેરા હસ્તાંતરણ પ્રક્રિયા હેઠળ વિવિધ રાજય સરકારોને એક લાખ 78 હજાર કરોડ રૂપિયા છુટા કર્યા છે. કેન્દ્રિય નાણાં મંત્રાલયની યાદીમાં જણાવ્યા મુજબ રાજય સરકારો વિકાસ અને કલ્યાણ કાર્યક્રમો માટે ખર્ચ કરી શકે અને ભંડોળના ઉપયોગમાં વધારો કરી શકે તે હેતુથી તેમજ આગામી સમયના તહેવારોને ધ્યાનમાં લઇને રાજયને મળવાપાત્ર વેરાની રકમમાંથી કેટલીક રકમ છુટી કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ ઉત્તરપ્રદેશને સૌથી વધુ 31 હજાર 962 કરોડ રૂપિયા અપાયા છે.

## RAFAEL NADAL RETIREMENT

ટેનિસના ગ્રાન્ડ્ સ્લેમના 22 સિંગ્લસના ખિતાબો જીતનાર સ્પેનના દિગ્ગજ ખેલાડી રફેલ નડાલે વ્યવસાયિક ટેનિસ રમતોમાંથી નિવૃત્તિ જાહેર કરી છે.

આજે સોશિયલ મિડિયા ઉપર આ જાણકારી આપીને નડાલે પોતાની કારકિર્દી દરમિયાન સંપૂર્ણ સમર્થન આપવા બદલ ટેનિસ ચાહકોનો આભાર માન્યો છે. રફેલ નડાલ આગામી નવેંબરમાં મલાગામ ખાતે યોજાનારી ડેવિસ કપ ટેનિસ સ્પર્ધાની ફાઇનલ બાદ નિવૃત્તિ લેશે.

ઉલ્લેખનીય છે કે, રફેલ નડાલે ઓલિમ્પિકસ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક, એટીપી સિંગલ્સના 92 અને 36 માસ્ટર્સ ખિતાબો જીત્યા છે. રફેલ નડાલ કારકિર્દી દરમિયાન બધી જ ગ્રાન્ડ સ્લેમ્સ સ્પર્ધામાં સિંગલ્સના ખિતાબ જીતનાર વિશ્વના 3 દિગ્ગજ ખેલાડીઓ પૈકી એક છે.

## ASIAN TABLE TENNIS

ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓની પુરૂષોની ટીમે કઝાકિસ્તાનમાં ચાલી રહેલ એશિયાઇ ટેબલ ટેનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

સ્પર્ધાની સેમિફાઇનલમાં ભારતનો ચાઇનીઝ તાઇપેઇ સામે 3-0થી પરાજય થયો હતો. ભારતના શરથ કમલનો- લીન-યુન જુ સામે અને માનવ ઠક્કરનો- કાઓ ચેંગ જુઇ સામે પરાજય થયો હતો.

ઉલ્લેખનીય છે કે, ભારતીય પુરૂષ ખેલાડીઓની ટીમે વર્ષ 2021 અને 2023માં આ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રકો જીત્યા હતા.

## GORKHALAND-FESTIVAL

દાર્જીલીંગના ગોરખાલેન્ડ પ્રદેશ વહીવટીતંત્ર અને સિલીગુડી જેવા પર્વતીય વિસ્તારોમાં મહાસપ્તમીના પર્વ પ્રસંગે હર્ષ ઉલ્લાસ અને પરંપરાગત રીતે પુલપાતી શોભાયાત્રા યોજાઇ ગઇ.

આ શોભાયાત્રામાં નેપાળી ભાષીક ગોરખા સમુદાયના ભાવિકો તેમજ વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પરંપરાગત વસ્ત્રો પહેરીને

દુર્ગામાતાના ભજનો ગાતા જોડાયા હતા. આ પ્રસંગે શોભાયાત્રામાં દુર્ગામાતાની પાલખી અને ઝાંખીઓ પણ રજૂ થઇ હતી.

આજે સાંજે અને રાત્રે ભાવિકો દુર્ગામાતાના પૂજાપંડાલોમાં દર્શન માટે ઉમટી રહ્યા છે. આ પ્રસંગે પંડાલો ખાતે આકર્ષક રોશની અને સજાવટ કરવામાં આવી છે.

## KARNATAKA-SIT

કર્ણાટકના રાજયમંત્રીમંડળે કોવિડના સમયગાળામાં તે વખતની સરકારના કાર્યકાળમાં થયેલી કથિત નાણાંકીય ગેરરીતીઓની તપાસ કરવા ખાસ તપાસ ટુકડી – સીટની રચના કરવાનો નિર્ણય લીધો છે. આજે બેંગલૂરૂમાં સંસદિય બાબતોના મંત્રી એચ.કે.પાટિલે પત્રકારોને જણાવ્યું હતું કે, ન્યાયાધિશ જોન મિશેલ સમિતિના અહેવાલના આધારે મંત્રીમંડળે સીટની રચના કરવાનો નિર્ણય લીધો છે. ન્યાયાધિશ જોન મિશેલના અહેવાલમાં કોવિડના સમયગાળામાં વિવિધ ઉપકરણોની ખરીદીમાં સાત હજાર 223 કરોડ રૂપિયાની ગેરરીતી થઇ હોવાનો આક્ષેપ કરાયો છે.

## CAMROON-ACCIDENT

દક્ષિણ કેમેરૂનમાં થયેલા માર્ગ અકસ્માતમાં 15 લોકોના મોત થયાં છે. અને 10 જણાંને ઇજા થઇ છે. સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ બસ અને ટ્રક અથડાતાં 15 મુસાફરોના મોત નિપજ્યાં હતાં. ઇજાગ્રસ્તોમાંથી ઘણાની તબિયત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધવાની સંભાવના છે.

## HURRICANE MILTON

અમેરિકાના ફલોરિડાના પશ્ચિમ દરિયાકિનારેથી ગઇકાલે રાત્રે જમીન ઉપર પ્રવેશેલા મિલ્ટન વાવાઝોડાની અસરના ભાગરૂપે ફલોરિડામાં 30 લાખથી વધુ ઘરોમાં વીજપુરવઠો ખોરવાયો છે. આ વાવાઝોડું ફલોરિડાના પૂર્વ કિનારાથી આગળ વધીને

નબળું પડ્યું છે. આમ છતાં, વહીવટીતંત્રે આ વાવાઝોડાની અસરરૂપે ભારે વરસાદ અને પવન ચાલુ રહેવાની સંભાવના દર્શાવી છે.

ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે અમેરિકામાં મિલ્ટન સહિત નવ વાવાઝોડાંની અસર જોવા મળી છે.

## NHRC-NOTICES

રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ – NHRCએ વાયવ્ય દિલ્હીમાં ખુલ્લી ગટરમાં પડી જતાં એક બાળકના થયેલા મૃત્યુના અહેવાલની જાતે જ નોંધ લઇને દીલ્હીના અગ્રસચિવ, દિલ્હી વિકાસ સત્તામંડળના ઉપાધ્યક્ષ, મહાનગરપાલિકના કમિશ્રનર અને પોલીસ કમિશ્નરને નોટીસ પાઠવી છે NHRCએ ચાર સપ્તાહમાં આ ઘટનાનો વિસ્તૃત અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ સંબંધિતોને આપ્યો છે. NHRCએ આ અહેવાલમાં સંબંધિતો સામે એફઆઇઆરની સ્થિતિની જાણકારી પણ માંગી છે.

NHRCએ અવલોકન કર્યું છે કે, નગરપાલિકાના અધિકારીઓની સંભવિત બેદરકારીના કારણે થયેલી આ દુર્ઘટનાને માનવ અધિકારનો ભંગ સમાન ગણાવી શકાય.